અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વતી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમીટેડ
દ્વારા આયોજીત ફલાવર શૉ – ૨૦૨૭
બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, એચ.કે. આર્ટ્સ કોલેજની પાછળ,
ગાંધી અને નેહરૂ બ્રીજની વચ્ચે, પુજ્ય પ્રમુખ સ્વામી મહારાજ માર્ગ
રીવરફ્રન્ટ-વેસ્ટ, અમદાવાદ-૩૮૦૦૦૯.
સંપર્ક નંબર: ૦૭૯-૨૬૫૮૦૪૩૦ ઈ-મેઈલ એડ્રેસ: office@srfdcl.com

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વતી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમીટેડ દ્વારા આયોજીત - ફલાવર શૉ – ૨૦૨૭

કાર્યક્રમનું સ્થળ	સાબરમતી રીવર ફ્રન્ટ, ફલાવર ગાર્ડન અને ઈવેન્ટ ગ્રાઉન્ડ વિસ્તાર, ટાગોર હોલ પાછળ, પાલડી
કાર્યક્રમનાં દિવસો	જાન્યુઆરી-**૨૦૨૭**
સંસ્થા દ્વારા માંગણી કરવામાં આવેલ સ્ટોલનો પ્રકાર અને નંબર	

નર્સરી સ્ટોલ્સ / અન્ય સ્ટોલ્સ / ફુડ સ્ટોલ્સ ભાડે રાખવા માટેનું અરજી પત્રક

૧. સંસ્થાનું નામ:

૨. સંસ્થાનું સરનામું:

૩. સંસ્થાનો કોન્ટેકટ નંબર:

૪. ઈ-મેઈલ:

૫. ફુડ સ્ટોલ્સ મેળવવા માંગતી એજન્સી હોય તો ફુડ FSSAI લાયસન્સ નંબર (નકલ ફરજીયાત બિડવી):

૬. સંસ્થાનું વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન નંબર:

૭. સંસ્થાનું ગુમાસ્તાધારા રજીસ્ટ્રેશન નંબર:

૮. સંસ્થાનો પાન નંબર:

૯. જી.એસ.ટી. નંબર (નકલ ફરજીયાત બિડવી):

૧૦. સ્ટોલ્સમાં પ્રદર્શિત / વેચાણ કરવામાં આવનાર વસ્તુની ટૂંકી વિગત:

૧૧. સંસ્થા દ્વારા ચુકવવાની ભાડાની રકમ (જી.એસ.ટી. સાથે):

૧૨. ભાડા ચુકવણીની વિગત (ડીમાન્ડ ડ્રાફ્ટ/પે-ઓર્ડરથી):

તારીખ: અરજદારની સહી
સ્થળ: સંસ્થાનું નામ તથા સિક્કો

-: નિયમો :-

૧૩. ફલાવર શૉ ના સ્થળે નીચે જણાવ્યા મુજબનાં સ્ટોલ્સ ભાડે થી આપવામાં આવનાર છે.

વિગત	સાઇઝ	સ્ટોલ નંબર	જગ્યા	વસુલવામાં આવનાર ભાડું (પ્રતિ નર્સરી/ સ્ટોલ્સ)	હરાજીની બેઝીક પ્રાઈઝ રૂ. (પ્રતિ નર્સરી/ સ્ટોલ્સ)	હરાજી નો સમય અને તારીખ
નર્સરી	**૧૦ મીટર * ૧૦ મીટર**	૧ થી ૧૦	ઇવેન્ટ સેન્ટર	જાહેર હરાજીથી	રૂ. ૨,૫૦,૦૦૦/-	તા: ૧૬-૧૧-૨૦૨૬ સવારે ૧૧:૦૦ થી સવારે ૧૧:૩૦ સુધી.
અન્ય સ્ટોલ	૫ મીટર * ૫ મીટર	૧ થી ૮	ઇવેન્ટ સેન્ટર	જાહેર હરાજીથી	રૂ. ૨,૦૦,૦૦૦/-	તા: ૧૬-૧૧-૨૦૨૬ સવારે ૧૧:૩૦ થી બપોરના ૧૨:૩૦ સુધી.
ફુડ સ્ટોલ	૫ મીટર * ૫ મીટર	૧ થી ૨૦	**ઇવેન્ટ સેન્ટર**	જાહેર હરાજીથી	રૂ. ૫,૦૦,૦૦૦/-	તા: ૧૬-૧૧-૨૦૨૬ બપોરના ૧૨:૩૦ થી બપોરના ૦૨:૩૦ સુધી.

નોંધ:

૧. દરેક સ્ટોલ માટે ના ફોર્મ અલગ અલગ ભરવાના રહેશે.

૨. જે તે સ્ટોલ્સ પેટે ઉપર પત્રકમાં દર્શાવેલ મિનીમમ ભાડાની રકમનો ડી.ડી. /પે-ઓર્ડર હરાજી સમયે સાથે લાવવાનો રહેશે. તે સિવાય હરાજીમાં ભાગ લઇ શકશે નહી.

૩. પ્રતિ ફુડ સ્ટોલ રૂ. ૫,૦૦,૦૦૦/-, પ્રતિ નર્સરી રૂ. ૨,૫૦,૦૦૦/- તથા પ્રતિ અન્ય સ્ટોલ ના રૂ. ૨,૦૦,૦૦૦/- હરાજી ના દિવસે ભરવાના રહેશે જે ડી.ડી. /પે-ઓર્ડર થી લેવામાં આવશે. દાખલા તરીકે; જો કોઈ એજન્સી ૨ ફુડ સ્ટોલ માટે અલગ અલગ ફોર્મ ભરશે તો તેઓ એ રૂ. ૫,૦૦,૦૦૦/- ના ૨ ડીડી/ પે-ઓર્ડર હરાજી ના દિવસે જોડે લઇ ને આવવાનું રહેશે.

૪. જે તે સ્ટોલ માટે જે એજન્સી H1 હશે તેજ એજન્સીઓ એ જે તે સ્ટોલ દીઠ ડીડી/ પે-ઓર્ડર જમા કરાવવાના રહેશે.

૫. કોર્નર સ્ટોલ બે બાજુ થી જ ખુલો રાખી શકાશે. કોઈ પણ સંજોગોમાં પાછળના ભાગ થી સ્ટોલ ખુલ્લો રાખવાની પરવાનગી આપવામાં આવશે નહિ. તેમ છતાં કોઈ એજન્સી દ્વારા પાછળના ભાગથી સ્ટોલ ખુલો રાખવામાં આવશે તો જોગવાઇ મુજબ પેનલ્ટી કરવામાં આવશે તથા તાત્કાલિક અસરથી સ્ટોલ બંધ કરી દેવામાં આવશે.

૧૪. જાહેર હરાજી ના ફોર્મ તા:- **૨૯-૧૦-૨૦૨૬** થી સાબરમતી રીવરફ્રન્ટ તથા એ.એમ.સી. ની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરવાના રહેશે.

૧૫. સંપૂર્ણ વિગતો ભરેલ અરજી ફોર્મ બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, એચ.કે. આર્ટ્સ કોલેજની પાછળ, ગાંધી અને નેહરૂ બ્રીજની વચ્ચે, પુજ્ય પ્રમુખ સ્વામી મહારાજ માર્ગ રીવરફ્રન્ટ- વેસ્ટ, અમદાવાદ-૩૮૦૦૦૯ કચેરીએ તા. **૦૭-૧૧-૨૦૨૬** ના રોજ સાંજે **૦૬:૦૦** કલાક સુધી સ્વીકારવામાં આવશે.

૧૬. જાહેર હરાજી ની તારીખ અને સમય ઉપર મુદ્દા નંબર-૧૩ પર જણાવ્યા મુજબ રહેશે.

૧૭. જાહેર હરાજી દ્વારા બુકીંગ થઇ ગયા બાદ આવેલ અરજદારની અરજી સ્વીકારવામાં આવશે નહી.

૧૮. નિયત ભાડાની રકમ તથા વધારાનાં લાઇટ પોઈન્ટ (પર પોઈન્ટ દીઠ રૂ. ૫૦૦/-) ની રકમ ના ડીમાન્ડ ડ્રાફ્ટ/પે-ઓર્ડરથી જ જમા કરાવવાની રહેશે. ડી.ડી. અથવા પે ઓર્ડર "Sabarmati Riverfront Development Corporation Limited"નાં નામનો બનાવવાનો રહેશે.

૧૯. હરાજીમાં નક્કી થયા મુજબની રકમ પણ ડીમાન્ડ ડ્રાફ્ટ/ પે-ઓર્ડરથી જ "Sabarmati Riverfront Development Corporation Limited"નાં નામનો બનાવીને હરાજીની તારીખથી ૭ દિવસની અંદર એટલે કે તા: **૨૩-૧૧-૨૦૨૬** સુધીમાં જમા કરાવવાનો રહેશે.

૨૦. નર્સરી, અન્ય સ્ટોલ્સ તથા ફુડ સ્ટોલ્સનાં હરાજીની કુલ રકમ ઉપરાંત લાગુ પડતો જી.એસ.ટી. સાથેની રકમ SRFDCL માં જમા કરાવવાની રહેશે.

૨૧. જે ચીજ-વસ્તુનાં વેચાણ માટે સ્ટોલ્સનું બુકીંગ કરાવેલ તેવા સ્ટોલ્સ મારફતે ફક્ત તે જ ચીજ-વસ્તુઓનું વેચાણ કરી શકાશે. દા.ત. નર્સરી માટે લેવામાં આવેલ સ્ટોલ્સનો ઉપયોગ ફકત ફુલ-છોડનાં રોપાનાં વેચાણ માટે જ કરી શકાશે.

૨૨. ફુડ સ્ટોલ્સમાં ભાગ લેવા માટે હાલમાં FSSAI નું લાયસન્સ ધરાવતી એજન્સી જ હરાજીમાં ભાગ લઇ શકશે તેમજ FSSAI ના લાયસન્સની નકલ ફોર્મ સાથે બિડવાની રહેશે.

૨૩. નર્સરી, અન્ય સ્ટોલ્સ તથા ફુડ સ્ટોલ્સ બુકીંગ માટે ભરેલ ભાડું નૉન-રીફંડેબલ તેમજ નૉન-ટ્રાન્સફરેબલ રહેશે. જે વ્યક્તિ/સંસ્થાનાં નામે સ્ટોલ બુકિંગ થયેલ હશે; તે સંસ્થા જ જે તે સ્ટોલ્સનો ઉપયોગ બુકિંગ કરેલ હેતુ માટે કરી શકશે. અન્ય કોઈ સંસ્થાને સ્ટોલ્સનો કોઈ પણ ભાગ ઉપયોગ માટે આપી શકશે નહી.

૨૪. દરેક સંસ્થા પોતાને ફાળવેલ સ્ટોલ્સ સિવાયની જગ્યામાં પોતાનો માલ-સામાન મુકી શકશે નહી તથા પોતાની સંસ્થા/કંપનીની જાહેરાત પ્રદર્શિત કરી શકશે નહી.

૨૫. દરેક સ્ટોલ્સમાં થ્રી ફેઝ લાઇટનો બે પોઈન્ટ, એક ટેબલ તથા બે ખુરશીની સવલત આપવામાં આવશે.

૨૬. સ્ટોલ્સમાં જો વધારાનાં લાઈટનાં પોઈન્ટની સુવિધાની જરૂરીયાત હશે તો પ્રતિ પોઈન્ટ રૂ. ૫૦૦/- વધુ લઇ સુવિધા આપવામાં આવશે જે માટે ડીડી. **જે તે સંસ્થા એ વધારાનાં લાઇટ પોઈન્ટ ની ડિમાંડ લેખિત માં ૨૭-૧૧-૨૦૨૬ ના સાંજ ના ૦૪:૦૦ વાગ્યા સુધી માં રિવર ફ્રન્ટ હાઉસ પર જમા કરવાની રહેશે.** જે સંસ્થા ની લેખિત અરજી સમય મર્યાદામાં આવેલ હશે તેને જ વધારાનાં લાઇટ પોઈન્ટ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

૨૭. ફુડ કોર્ટમાં નૉનવેજ, ઇંડાની બનાવટો કે પાન-મસાલા-ગુટખા અને તમાકુની બનાવટોનું વેચાણ થઈ શકશે નહી.

૨૮. ટેમ્પરરી ઉભા કરેલ ફુડ કોર્ટમાં ગેસ સ્ટવ કે ચુલાનો ઉપયોગ કરી શકાશે નહી, ઓવનનો ઉપયોગ કરી શકાશે.

૨૯. સ્ટોલ્સ ધારક સામાનની હેર-ફેર માટે જરૂરી વાહનો સવારે ૦૯.૦૦ વાગ્યા પહેલા અને રાત્રે ૧૦.૦૦ વાગ્યા બાદ જ ફલાવર શૉ પ્રદર્શન સ્થળે પ્રવેશ કરાવી શકશે. કોઈ પણ કારણસર આ નિર્ધારિત સમય સિવાય પ્રવેશ આપવામાં આવશે નહીં તેની ખાસ નોંધ લેવી.

૩૦. નર્સરી, ફુડ સ્ટોલ્સ તથા અન્ય સ્ટોલ્સ ધારકોએ જરૂરી તથા લાગુ પડતી બધીજ NOCs/પરમીશન્સ/અપ્રુવલ્સ સ્વખર્ચે લેવાની રહેશે. કોઇપણ અકસ્માત/અણબનાવ ની પરિસ્થિતિમાં જે તે નર્સરી, ફુડ સ્ટોલ્સ તથા અન્ય સ્ટોલ્સ ધારકોની સંપૂર્ણ જવાબદારી રહેશે અને અ.મ્યુ.કો./સા.રી.ફ.ડે.કો.લી. ની કોઇપણ જવાબદારી રહેશે નહીં.

૩૧. નર્સરી સ્ટોલ્સ ધારકને ૬ નંગ પાસ, અન્ય સ્ટોલ્સ ધારકને ૪ નંગ પાસ અને ફુડ કોર્ટનાં સ્ટોલ્સ ધારકને ૮ નંગ પાસ ઇસ્યુ કરવામાં આવશે. જે માટે સ્ટોલ્સ ધારકએ પોતાના લેટરહેડ પર જે વ્યક્તિ ને પાસ ઇસ્યુ કરવાનો હોય તેનું નામ, નંબર તથા પાસપોર્ટ સાઈઝનાં ફોટોગ્રાફ્સ અરજી સાથે રિવર ફ્રન્ટ હાઉસ પર મોકલી આપવાનાં રહેશે. **જેતે એજન્સી એ તેમના માણસો ની માહિતી ૨૭-૧૧-૨૦૨૬ ના સાંજ ના ૦૪:૦૦ વાગ્યા સુધી લેખિત માં રિવર ફ્રન્ટ હાઉસ પર જમા કરવાની રહેશે.**

૩૨. ફલાવર શૉ કાર્યક્રમ દરમ્યાન જે તે સમયની સરકારશ્રી દ્વારા અમલમાં મુકાયેલ SOP ની ગાઇડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩૩. મ્યુનિ. કમિશનરશ્રી કોઈપણ જાતનાં કારણો આપ્યા વગર આ ઓક્શન પ્રોસેસ સંપૂર્ણપણે કે અંશત: સ્વીકાર/અસ્વીકાર કરી શકશે.

૩૪. આ બાબત કોઇપણ વાદ-વિવાદ ઉભો થશે તો મે. મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

મેં/અમે ઉપરોકત જણાવેલ તમામ નિયમો વાંચ્યા છીએ, સમજ્યા છીએ અને મને / અમોને કબુલ-મંજુર અને બંધનકર્તા રહેશે. આ બાબતે હું કોઇપણ વાદ-વિવાદ કે અપીલ કરીશું નહીં.

અરજદારની સહી

તારીખ:

સંસ્થાનું નામ તથા સિક્કો

સ્થળ: